## ૯.૬ ઉપાશ્રય ઃ આત્મશક્તિના સંચયનું સ્થાન

જગતના બધા ધર્મોએ પોત-પોતાને ઈષ્ટ ઉપાસના, સાધના, આરાધના પદ્ધતિના નીતિ-નિયમો આપ્યાં છે. દરેકનું અંતિમ બિંદુ મોક્ષ પણ ભિન્ન ભિન્ન માનેલો છે. છતાં તે સાધના પદ્ધતિના કે આરાધનાના સ્થાનો પવિત્ર અને શાંત રાખવામાં આવ્યાં છે. ઉપ=સમીપે + આશ્રયતેકૃતિ= ઉપાશ્રયઃ, આત્માનો નજીકમાં વાસ થાય, તે ઉપાશ્રય, આત્માનું આધાર સ્થાન બને તે ઉપાશ્રય, આત્માનો ચારેબાજુથી જયાં આગળ નિવાસ થાય તે ઉપાશ્રય, આત્મશક્તિની ખીલવણી જયાં સરળતાથી થાય તે ઉપાશ્રય, આત્મભાવો કે આત્મગુણોનો જયાં વાસ થાય તે ઉપાશ્રય ગણાય.

જોકે પ્રાચીન તત્ત્વચિંતકોએ આત્મશક્તિનો ઉઘાડ કરવાના ૩ રસ્તા બતાવ્યાં છે. આત્મા એ સ્વયં અનિર્વચનીય જયોતિ-પ્રકાશ સ્વરૂપ છે. તેમના ગુણધર્મો-લક્ષણોને જાણવા માટે સાધક સ્વયં, બલવત્તર, જિજ્ઞાસા સાથે તૈયાર થતો હોય છે. ત્યારે સર્વપ્રથમ ૧. દૃષ્ટિ-લક્ષ્યનો ઉઘાડ થાય તે પ્રાથમિક અનિવાર્યતા છે. તે માટે દૃષ્ટિ સંપન્ન બને. ૨. આત્મશક્તિ ક્યારે ? કેમ ? કેવી રીતે ? કેટલી ? કેવા સંજોગોમાં ? કેટલી તૈયારી સાથે મળી શકે તેનું વિશદ્ ઊંડુ જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ હોય. ચારે બાજુનું જ્ઞાન મેળવવાનું મિશન બનાવી દીધું હોય તે એટલે કે જ્ઞાન સંપન્ન બને.૩. આત્મા કે તેની શક્તિનું જ્ઞાન મળી ગયા પછી તે અનુભૂતિના સ્તર સુધી લઈ જવા પ્રયત્નશીલ હોય અનુકૂળતા કે પ્રતિકૂળતાના દ્વંદોથી પર મધ્યસ્થ બની કે સમાતાદિ-ગુણોનો આસ્વાદ કરવા વર્તન/વ્યવહારને નિર્દોષ-નિષ્પાપ બનાવે તે માટે સદાચાર સંપન્ન બને.

પોતાની ઊર્જા કે ચેતનાને ઉર્ધ્વગામી બનાવવા- દૃષ્ટિ સંપન્નપણું, જ્ઞાનસંપન્નપણું અને સદાચાર સંપન્નપણું આ ત્રણેયની સાધના જો ક્યાંય પણ થતી હોય તો તે ઉપાશ્રયમાં વધુ શક્ય બને છે. સમ્યગ્ આરાધના જ્ઞાન ક્રિયા, તપ, જપ, મંત્ર, યોગમાં શ્રદ્ધા રાખી સેવન કરવું. તર્ક કે બુદ્ધિપૂર્વક વિચારીને તેને યથાર્થ માની હૃદયથી સ્વીકાર કરવો અને તદનુરૂપ વર્તન, વ્યવહાર, સદાચાર પાળવો. તે ઉપાશ્રયમાં સુલભ અને સરળ બનતો હોય છે.

સર્વ આરાધના-સાધનાનું પરમ મંગલ સ્થાન પણ આ ગણી શકાય છે. અપેક્ષા એ દેરાસરએ ભક્તિપ્રધાન સ્થાન છે. જ્ઞાનભંડાર કે લાઈબ્રેરી એ જ્ઞાન પ્રધાન સ્થાન છે તો ઉપાશ્રયએ સદાચાર પ્રધાન સ્થાન કહી શકાય- અરે ! યાવત્ ભક્તિ-જ્ઞાન કે સદાચાર એ ત્રણેયનું સ્થાન પણ કહી શકાય છે.

ક્રમિક ગુણવિકાસના ઉપદેશો કે મોક્ષમાર્ગની યથાર્થ જાણકારી જેમ ઉપાશ્રયમાં મળે છે તેની પાછળ પૂજય સૂરિભગવંતો કે ગુરુભગવંતોનો પ્રધાન ફાળો હોય છે. ચાર મહિના (ચાતુર્માસ) દરમ્યાન કે શેષ ૮ મહિના દરમ્યાન વિચરતા પૂજય સાધુ, સાધ્વીજી ભગવંતોની સર્વવિરતીની સાધના-પવિત્ર પુદ્ગલ પરમાણુઓથી ઉભરાતી હોય

એવી આ પાવન જગ્યા બનેલી છે તો શ્રમણોપાસક શ્રાવક-શ્રાવિકાઓના તપ-જપ અને સામાયિક-પ્રતિક્રમણ વગેરે પવિત્ર ક્રિયાઓથી પણ પ્રભાવસંપન્ન બનતી હોય છે.

પહેલાના કાળમાં આજના જેવા ઉપાશ્રયો ન હતા. ગૃહસ્થોના મોટા મકાનમાં કોઈ એક ભાગ આરાધનાદિ માટેનો અલાયદો (જુદો) રહેતો અને તેમાં અતિથિની જેમ વિચરતાં પૂજય ગુરુ ભગવંતોને ઉતરવાનું સ્થાન મળતું. અનિયત સમય સુધી સર્વેના ભાવપ્રાણ ટકે ત્યાં સુધી સ્થિરતા કરીને વિહાર કરી જતાં હતાં. પરંતુ સમય-સંજોગો બદલાતા, શ્રાવક-શ્રાવિકાઓના આરાધનાભવન તૈયાર થયાં અને તેમાં પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતોને હાલ ઉતરવાનું સ્થાન બન્યું છે.

આ ઉપાશ્રયોમાં માત્ર સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રની અને તપ-જપની આરાધના માટેની પ્રવૃત્તિ કરવાની હોય છે.

૧. સ્થાન જેટલું ચોખ્ખુ, શાંત અને પવિત્ર હોય તેમાં મનઃ શાંતિ અને આત્મજાગૃતિ વધુ આવતી હોય છે અને તેમ કરવામાં દરેકની ફરજ અને પરમ કર્તવ્ય બનતું હોય છે.

૨. સારું દ્રવ્ય, સારું ક્ષેત્ર અને સારો કાળ ધર્મના અનુષ્ઠાનોમાં ભાવવૃદ્ધિનું કારણ બને છે. આથી જ શ્રાવકને પૂજામાં સ્વશક્તિ મુજબ સારાં દ્રવ્યો વાપરવાનું કહ્યું. પૂજામાં જેમ દ્રવ્યો ઊંચા તેમ ભાવ વધારે આવે. શ્રાવકો સાધુઓ પાસે મસ્તકે વાસક્ષેપ નખાવે છે, તેનું કારણ પણ આ છે. વાસક્ષેપ મંત્રથી અને મહાપુરુષના સ્પર્શથી અત્યંત શુભ બની જવાથી જેના મસ્તકે તે પડે છે તેના ઉપર શુભ અસર કરે છે, આથી તેના વિચારો આદિમાં પરિવર્તન આવે છે. બીજા સ્થળે જિનમાં દર્શન, વંદન, પૂજન આદિમાં જે ભાવ આવે તેના કરતાં ઉપાશ્રયમાં અધિક ભાવ આવે છે. આથી જ તીર્થોનો મહિમા છે.

૩. મહાપુરુષોના પવિત્ર શરીરમાંથી શુભ પુદ્ગલોનો પ્રવાહ સદા નીકળતો રહે છે. તે આજુબાજુમાં ફેલાય છે. આથી જયાં મહાપુરુષો બિરાજમાન હોય ત્યાંનુ વાતાવરણ પવિત્ર હોવાથી ત્યાં આવનારને સારા વિચારો આવે છે. તેવી રીતે સામાન્ય દિવસોમાં ધર્મના અનુષ્ઠાનોમાં જે ભાવ આવે તેનાથી પર્વ દિવસોમાં અધિક ભાવ આવે. આથી પર્વદિવસોમાં ધર્મનાં અનુષ્ઠાનોથી વિશેષ લાભ મળે છે. આમાં કાળનું માહાત્મ્ય છે.

૪. બ્રાહ્મ મુહૂર્ત ઉત્તમકાળ છે. કારણ કે સ્વાભાવિક રીતે જ તે સમયનું બાહ્ય વાતાવરણ આહ્લાદક હોય છે. બ્રાહ્મ મુહર્તના સમયે બાહ્ય વાતાવરણ તદ્ન શાંત અને સ્વચ્છ હોય છે. ઊંઘથી તન-મનને આરામ મળી ગયો હોવાથી તનમાં સ્ફૂર્તિ અને મનમાં તાજગી હોય છે. મગજ તદ્દન ફ્રેશ હોય છે. આથી તે સમયે ધર્મક્રિયા બહુ જ ઉલ્લાસથી અને સ્ફૂર્તિથી થાય છે. બાહ્ય વાતાવરણ બ્રાહ્મ મુહૂર્તમાં જેટલું સારું હોય છે, તેટલું સારું બીજા કોઈ સમયમાં હોતું નથી. તેથી ઉપાશ્રયમાં અનેક પ્રકારના લાભો અને શક્તિ મેળવવાનું ઉત્તમ સ્થાન છે.